### ઓછા ખર્ચમાં વધુ પાક ઉત્પાદન, યુવાન શિક્ષક-ખેડૂત રાહ ચિંધે છે

# સાઠંબા નજીકના રણજીતપુરા કંપાના યુવાન ખેડૂતે કમલમ્ ફૂટની ખેતીમાં ઝંપલાવ્યું

## ડેન્ગ્યુના રોગમાં અક્સિર બનતું ફૂટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦
રાજ્યમાં ડ્રેગન ફ્રૂટ તરીકે ઓળખાતા કમલમ્‌ની ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. જ્યાં પાણી ભરાતું ન હોય તેવી જમીનમાં ખેતી છોડી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હજારો ખેડૂતોએ પરંપરાગત વ્યવસાય છોડી અન્ય ધંધા-રોજગારમાં ઝંપલાવ્યું છે. પરંતુ હવે ખેડૂતોના

### કમલમ્ ફૂટની ખેતી અન્ય ખેતી કરતાં સસ્તી

કમલ, ફૂટની ખેતી કરતા ખેડૂતના જણાવ્યા અનુસાર સાડા ચાર વિઘાં ખેતીમાં રૂા. ૮ લાખનો ખર્ચ થાય છે. પરંતુ સારા પાક ઉત્પાદનથી વધુ આવક મળતી હોવાથી કમલમુ ફૂટની ખેતી અન્ય ખેતી કરતાં સસ્તી હોવાનું જણાવ્યું અને પોતે જૈવિક ખેતી કરી રહ્યા છે અને તેમાં છાણીયું ખાતર તેમ જ પાણી સાથે જીવામૃત આપી રહ્યા છે.

થઈ રહી છે. બાયડ તાલુકાના સાઠંબા પંથકના રણજીત પુરાકંપાના શિક્ષક-યુવા ખેડૂતે કમલમ્ ફૂટની ખેતી શરુ કરતાં આ વિસ્તારમાં આવનારા દિવસમાં કમલમ્ ફૂટનો ખેતીનો નવો ઉદય થવા જઈ રહ્યો છે. ડેન્ગ્યુના રોગમાં કમલમ્ ફૂટ અક્સિર હોવાથી તેની માંગમાં ઉછાળો આવી રહ્યો છે.

ગુજરાતમાં કૃષિ વિકાસનો દર વધુ હોવા છતાં ખેડૂતો ખેતીમાં ફાયદા કરતાં નુકસાન હોવાથી પરંપરાગત ખેતીનો વ્યવસાય યુવાન અને શિક્ષિત દિકરાઓ આધુનિક ખેતી તરફ વળ્યા છે.

### જ્યાં કશું પાકતું ન હોય ત્યાં ખેતી કરી શકાય

રણજીતપુરાકંપાના ખેડૂત પ્રશાંત પટેલે જણાવ્યું કે જ્યાં કશું પાતું ન હોય અને ચોમાસા દરમ્યાન પાણી ન ભરાતું એટલે કે પાણી આસાનીથી વહી જતું હોય તેવા સ્થળે પણ ડ્રેગન ફ્રુટ તરીકે ઓળખાતા કમલમ્ ની ખેતી કરી શકાય છે.

ગ્રીન હાઉસના સારા પરિણામ પછી ખેડૂતો વધુ ને વધુ આર્થિક સદ્ધર થવાની સાથે સ્થાનિક બજારને અવગણીને વધુ આવક મળતી હોય તેવા બજાર તરફ વળ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના અનેક વિસ્તારોમાં ડ્રેગન ફૂટની ખેતીનો વ્યાપ વધી રહ્યો છે છે. બાયડ તાલુકાના સાઠંબા નજીકના અને મહિસાગર જિલ્લાના રણજીતપુરાકંપાના યુવા શિક્ષક ખેડૂત પ્રશાંત વિઠ્ઠલભાઈ પટેલ ખેતીમાંથી મબલખ આવક મેળવવા બહુ ચર્ચાયેલી ડ્રેગન ફૂટ ખેતી માટેનો અભ્યાસ શરુ કર્યો. પોતાના સબંધીના ત્યાંથી ડ્રેગન ફૂટનું બિયારણ(છોડ) ખરીદ્યા. ૪ વિઘાં જમીનમાં ૧૦૦૦ પોલ સાથે કુલ-૪૦૦ છોડની ગત એપ્રિલ મહિનામાં વાવણી કરી ડ્રેગન તૈયાર થતાં ૧૩ મહિનાનો સમય લાગતો હોય છે તે જોતાં આ ગામી જૂન મહિનામાં એટલે કે વરસાદની સીઝનમાં કમલમ્ ફૂટ તૈયાર થઈ જશે. સાઠંબા પંથકના બાવળીયાકંપા અને ભૂમિ નર્સરી





ફાર્મમાં પણ કમલ મુફૂટની ખેતી કરવામાં આવી છે. દરેક પોલમાં ૪ છોડ વાવવામાં આવે છે અને તેમાં પ્રથમ વર્ષે ૭ કીલો, બીજા વર્ષે ૧૫ કીલો કમલમ્ ફૂટનું ઉત્પાદન થાય છે. જેમ વર્ષો વધે તેમ પાક ઉપજ વધતી જાય છે. અત્યારે કમલમ્ ફૂટનો કીલોનો ભાવ ૨૫૦થી ૩૦૦ મળી રહ્યો છે. જ્યારે બિયારણ ઉત્પાદ ન કરતી કંપની દ્વારા છોડનું આયુષ્ય ૨૫ વર્ષનું હોવાનું જણાવાયું છે પરંતુ યુવા ખેડૂતે માત્ર ૨૦ વર્ષના આયુષ્યની ગણતરીમારીને કમલમ્ ફૂટની ખેતી કરી અન્ય ખેડૂતોને પોતાની તરફ આકર્ષવામાં સફળ રહ્યો છે.

# રણાસણના મુખ્ય બજારમાં દારૂબંધીના ધજાગરા : દેશી દારૂની ખાલી પોટલીઓથી ઉભરાતુ જાહેર શૌચાલય

## શૌચાલયમાં દાખલ થતાં દારૂનો નશો ચઢી જાય તેવી સ્થિતિઃ દારૂ ઢીંચવા શૌચાલયનો ખુલ્લેઆમ થતો ઉપયોગ

બાયડ, તા. ૨૦
તલોદ તાલુકાના રણાસણમાં જાહેર શૌચાલય દેશી દારૂ ઢીંચવાનો અડ્ડો બની ગયું છે. મુખ્ય બજારના શૌચાલયમાં દારૂની ખાલી પોટલીઓથી ઉભરાતાં અંદર પ્રવેશતાં વગર પીધે દારૂનો નશો ચઢી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. દારૂ ઢીંચનારા ખુલ્લેઆમ દારૂ પી ને પોટલીઓ શૌચાલયમાં નાખી રહ્યા છે. જ્યારે જવાબદાર તંત્ર મુક પ્રેક્ષક બની દારૂડીયાઓની હરકતો સહન કર્યે રાખે છે.

વેપારી મથક ગણાતા રણાસણમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. મુખ્ય બજાર નજીક જ દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. જેના કારણે ભરબજારમાં દારૂડીયાઓ લથ્થડીયા ખાતા જોવા મળવા સામાન્ય વાત બની રહ્યા પછી હવે જાહેર શૌચાલય દારૂ ઢીંચવાનું સ્થળ બની રહ્યું છે. આસપાસના ૧૦ થી વધુ ગામોના



ગ્રાહકો ખરીદી માટે રણાસણમાં આવતા હોવાથી શૌચાલયની સગવડ ઉભી કરવામાં આવી છે પરંતુ દારૂડીયાઓએ શૌચાલયને દારૂના અડ્ડામાં ફેરવી નાખ્યુ છે. શૌચાલયની સાફ-સફાઈ પણ કરવાનું આયોજન ગોઠવવામાં સ્થાનિકતંત્ર નિષ્ફળ રહ્યું છે જેના કારણે શૌચાલયમાં દેશી દારૂની પોટલીઓના ઢગ ખડકાયા છે. શૌચાલયમાં પ્રવેશતાં જ દારૂની તિવ્ર દુર્ગંધથી નશો ન કરનારાઓને પણ નાક વાટે દારૂનો નશો ચઢી જાય તેવી સ્થિતિ ઘણા સમયથી જોવા મળી રહી છે. દારૂ ઢીંચનારાઓને કોઈનીય બીક ન હોય તે રીતે શૌચાલયમાં આવી ઉભા ઉભા દારૂ ગટગટાવી ખાલી પોટલીઓ ત્યાં ફેંકી રવાના થઈ જતા હોય છે. આસપાસના વેપારીઓ પણ શૌચાલયમાંથી આવતી દારૂની બદબુથી ત્રાહીમામ પોકારી ગયા છે. સ્થાનિક પોલીસ દારૂની બદીને રોકવામાં સદંતર નિષ્ફળ રહી છે. દેશી દારૂના અડ્ડા કયા વિસ્તારમાં ધમધમી રહ્યા છે તે પોલીસ જાણતી હોવા છતાં કોઈ પગલાં ભરાતાં નથી માત્ર રેડના નામે પોલીસ નાટક કરતી હોવાથી હવે દેશી દારૂની ખાલી પોટલીઓના શૌચાલયમાં ઢગ ખડકાતાં રણાસણમાં પાણીની જેમ દેશી દારૂ ઢીંચાતો હોવાનું સ્પષ્ટ થયું છે.

# કમોસમી માવઠુ... : ફરી હોસ્પિટલ-દવાખાના ઉભરાશે

બાયડ, તા. ૨૦
કમોસમી માવઠાથી ખેતીની તબીયત બગડી છે, પરંતુ હવે માનવ આરોગ્ય ઉપર ખતરો મંડાયો છે. ઠંડી-કમોસમી માવઠાના કારણે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વાયરલ રોગચાળો વકરવાની દહેશત છે. ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડના કેસમાં ઉછાળો ચિંતાજનક છે.

**સાબરકાંઠા-અરવલ્લીમાં કમોસમી માવઠાથી વાયરલ રોગચાળો વકરવાની દહેશત : ડેન્ગ્યુ-ચીકનગુનીયા-ટાઈફોઈડના કેસમાં ઉછાળો ચિંતાજનક**

પ્રજા દિપમાલા પર્વની ઉજવણી કરી રાહત અનુભવે ત્યાં રોગચાળાએ માથુ ઉંચકતાં આવનારા દિવોસમાં હોસ્પિટલો-દવાખાનાં દર્દીઓથી ઉભરાઈ જાય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. જ્યારે અઢળક લગ્નોમાં પ્રજાની આવન-જાવનથી કોરોના સંક્રમણનો ભય હાવી થયો છે. ગતરોજથી જિલ્લાના ૧૪ પૈકી ૯ તાલુકામાં કમોસમી માવઠા વરસતા ખેતીને નુકસાન થઈ રહ્યું છે. લગ્નસરાના અવસરમાં કમોસમી માવઠુ વિલન બનતાં અનેક યજમાનોના આયોજન ઉપર પાણી ફરી વળ્યા જેવી સ્થિતિ છે. હવામાન પલ્ટાવ પછી મચ્છરજન્ય, વાઈરલ રોગચાળો ફરી બેકાબુ બને તેવી આશંકા છે. પરંતુ અગાઉથી જ જિલ્લાને ડેન્ગ્યુ, ચીકનગુનીયા-ટાઈફોઈડનો રોગચાળો ઘમરોળવા લાગ્યો છે. ત્યારે માવઠાથી બદલાયેલા હવામાનના કારણે બાળકો અને વૃદ્ધોમાં બિમારીનું પ્રમાણ વધશે તેવી દહેશત વ્યક્ત કરાઈ છે.

# ગઢ-ચડોતર હાઈવે પર ડમ્પર હોટલમાં ઘુસી જતાં અફરા તફરી મચી...!!

**ટેક્ટરને બચાવવા જતા સર્જાયેલા દુર્ગટનામાં મોટી જાનહાની ટળી**

પાલનપુર તા.૨૦
પાલનપુર તાલુકાના ગઢ થી ચડોતર જતાં હાઈવે પર આવેલ એક રેસ્ટોરન્ટ માં ડમ્પર ઘુસી જતા અફરા તફરી મચી




જવા પામી હતી જોકે ડમ્પર ચાલક ટેક્ટર ને બચાવવા જતા સર્જાયેલા દુર્ગટના માં સદનસીબે મોટી જાનહાની ટળતાં લોકોએ રાહતની લાગણી અનુભવી હતી.

પાલનપુર તાલુકાના ગઢ થી ચડોતર જતાં રોડ પર આવેલ રાધે રેસ્ટોરન્ટમાં ચડોતર તરફથી રેતી ભરીને આવી રહેલા ડમ્પર ઘૂસી ગયું હતું ડમ્પર હોટલ ની બાજુમાં આવેલ પેટ્રોલ પંપ પર ડીઝલ ભરાવવા જઈ રહેલા ટ્રેકટર ચાલક અચાનક રોડ પર વળતાં તેને બચાવવા જતાં ડમ્પર ના ચાલકે સ્ટેરિંગ પર નો કાબુ ગુમાવી દેતા ડમ્પર હોટલમાં ઘુસી ગયુ હતુ જોકે સવારનો સમય હોઈ હોટલ પર ખાસ લોકોનો ઘસારોના હોઈ મોટી જાનહાની ટળી હતી જયારે હોટલમાં વ્યાપક પ્રમાણનુ નુકશાન થવા પામ્યુ હતુ અચાનક બનેલી ઘટનાના પગલે આજુબાજુથી લોકોના ટોળા ઉમટી પડ્યા હતા પરંતુ સદનસીબે જાનહાની ટળતાં લોકોએ રાહત અનુભવી હતી

## જન્મદિને વધામણી



પાર્થિવ અલ્પેશકુમાર ચૌધરી
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ



નરહરિભાઈ રાવલ
બાયડ



વત્સલ સંદીપભાઈ પટેલ
જલારામ સોસાયટી
આક્રુંદ તા. બાયડ



વિપુલ પટેલ
બાયડ



ખુશી વિકાસભાઈ ભાટિયા
બાયડ

**રક્તદાન મહાદાન**

### ૫૦૦૦ હેક્ટર જમીનને પિયતનો લાભ મળશે

# વાત્રક જમણાકાંઠાની કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડાયું

## ડાબાકાંઠામાં ૨૦ નવેમ્બરથી પાણી છોડવાનો નિર્ણય

બાયડ, તા. ૨૦
ઠંડી શરૂ થઈ છે, રવી વાવેતર માટે સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવાની શરૂઆત કરવામાં આવી છે. વાત્રક જળાશયમાંથી જમણાકાંઠાની કેનાલમાં સોમવારથી ૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. ડાબાકાંઠાની કેનાલમાં વાત્રક જળાશયમાંથી પાણી છોડાતાં ડાબા-જમણાકાંઠાની



કેનાલના પાણીથી ૫૦૦૦ હેક્ટર જમીનને પિયતનો લાભ મળશે તેમ સિંચાઈ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઓછા વરસાદના કારણે જિલ્લાનું એક પણ જળાશય છલકાયું નથી. પરંતુ સરકાર દ્વારા ખેડૂતો રવી સીઝનમાં સારો પાક લઈ શકે તે માટે શક્ય હોય તેટલું સિંચાઈ માટે વધુ પાણી આપવાનો નિર્ણય કર્યો છે. વાત્રક સિંચાઈ યોજનાના અધિકારીઓ તેમજ જમણા અને ડાબાકાંઠાની કેનાલ દ્વારા સિંચાઈનો લાભ મેળવતા ખેડૂતો સાથે લાભપાંચમ પહેલાં થયેલી બેઠક પછી સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય કરાયો હતો જેમાં વાત્રક જમણાકાંઠાની કેનાલમાં તા. ૧૫ નવેમ્બરથી ૫૦ ક્યુસેક પાણી કેનાલમાં છોડાશે જેના કારણે માલપુર ઉપરાંત ધનસુરા તાલુકાના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. આગામી શનિવારે વાત્રક ડાબાકાંઠાની કેનાલમાં ૧૦૦ ક્યુસેક પાણી છોડાતાં માલપુર અને બાયડ તાલુકાના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. ૩ તાલુકાના ખેડૂતોની ૫૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળવાના કારણે આવાનારા દિવસોમાં રવી ખેતીનું વાવેતર વધવાની સંભાવના વ્યક્ત થઈ છે.

### જમણાંકાઠામાં લાભિત ગામ

વાત્રક જમણાકાંઠાની નહેરમાં સોમવારથી સિંચાઈ માટે ખેડૂતોને પાણી આપવાની શરૂઆત થઈ છે જેમાં વાંકાનેરા, ખલીકપુર, બારનોલી, અણીયોર, અણિયોર કંપા, આકડીયાના મુવાડા, શાંતિપુરા કંપો, ખડોલ, માંલ્લી, રામાપીર કંપા, મોતીવેણી કંપા, બીલવણીયા, ધામણીયા અને ગોપાલપુરાના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે.

ખેડૂતોની માંગણી પ્રમાણે ૨૦ નવેમ્બરથી પાણી છોડાશે.

### ડાબાકાંઠાના લાભિત ગામ

વાત્રક ડાબા કાંઠાની નહેરમાં તા. ૨૦ નવેમ્બરથી ૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે જેથી ભેમપોંડા, ગોહીલના મુવાડા, રાખવાણિયા, પટેલીયાના મુવાડા, ઉભરાણ, પૂંજાપુર, રડોદરા, ગાબટ, સરસોલી, વસાદેરા, કોંજણ, કોંજણ કંપા, અજબપુરા વિસ્તારના ખેડૂોતને સિંચાઈનો લાભ મળશે.

### ભ્રષ્ઠ પુરવઠાતંત્રની નિયત ઉપર આંગળી ચિંધાઈ

# સાબરકાંઠા-અરવલ્લીમાં બોગસ યુઝર આઈડીથી અનાજ સગેવગે કરનારા દુકાનદારો પ્રત્યે તંત્રની કુણી લાગણી

## કાચબા ગતિની તપાસમાં પૈસાની રેલમછેલના લોક આક્ષેપ

બાયડ, તા. ૨૦
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૬૨ દુકાનદારો સામે બોગસ યુઝર આઈડીથી સરકારી અનાજ સગેવગે કરવાના આરોપ લાગ્યા પછી અઢી મહીનાથી કાચબા ગતિએ તપાસ ચાલતાં પૈસાની રેલમછેલથી તપાસમાં છીંડા થઈ રહ્યાના લોક આક્ષેપ થઈ રહ્યા છે. માત્ર ૪ દુકાનોના ૯૦ દિવસ પરવાના રદ કરી તપાસનો વીટો વાળવામાં આવે છે ત્યારે પુરવઠા અધિકારીઓ અંગે તપાસ ટીમ પાસેથી તપાસ આંચકી સી.આઈ.ડી. ક્રાઈમને તપાસ સોંપવામાં આવે તેમજ સત્ય બહાર આવશે તેમ લોકો જણાવી રહ્યા છે.

જિલ્લામાં પુરવઠાતંત્રમાં ચાલતો ભ્રષ્ટાચાર જગજાહેર છે. સસ્તા અનાજના અનેક દુકાનદારો સામે અનિયમીતતા, સમયસર રેશનીંગ નહી આપવા જેવી ગંભીર ફરીયાદમાં તપાસના નામે ખિસ્સા ભરવાના ખેલ વર્ષોથી ચાલતા આવ્યા છે. જુલાઈ મહીનામાં બોગસ યુઝર આઈડીથી સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરવાના કૌભાંડનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પર્દાફાશ થયા પછી તપાસના આદેશ આપવામાં આવ્યા પરંતુ સાબરકાંઠા-અરવલ્લીમાં પ્રારંભીક ઉતાવળી તપાસ પછી તપાસમાં સંકેલો વળતો હોય તે રીતે ધીમીગતિએ તપાસ શરૂ થઈ છે. અને આવા દુકાનદારોમાં જે કસુરવાર હોય તેમને પી.બી.એમ. હેઠળ જેલમાં મોકલવાના બદલે અંદરખાને બચાવવાના પ્રયાસ થતા હોય તેવી લોકચર્ચાએ જોર પકડ્યું છે. જેથી પુરવઠા અધિકારીઓથી તપાસ આંચકી લઈ સી.આઈ.ડી. ક્રાઈમ મારફતે તપાસ થાય તો જ કાળાબજારીયાનો અસલી ચહેરો સામે આવશે તેવું અનેક કાર્ડધારકો જણાવી રહ્યા છે.

# દાંતીવાડા સહિત સમગ્ર જિલ્લાનું ગૌરવ...

નેશનલ કક્ષાની અંડર નાઈન્ટીન ગર્લ્સની ૪૦ મી શૂટિંગબોલ સ્પર્ધા મહારાષ્ટ્રના નાસિક મુકામે યોજાઈ જેમાં દાંતીવાડા તાલુકાની સાત બાળાઓ માળી વિના, માળી અંજુબેન,ઠાકોર હિનાબેન, મકવાણા વૈશાલી, પાયલ ભારદ્વાજ, ઠાકોર કાજલ અને ઠાકોર અંજલીએ મહારાષ્ટ્ર ખાતે પોતાનું કૌશલ્ય બતાવી નેશનલ કક્ષાએ ત્રીજો નંબર મેળવી ગુજરાત રાજ્ય, બનાસકાંઠા જિલ્લાનું તેમજ દાંતીવાડા તાલુકાનું ગૌરવ વધારેલ છે. આ ટીમને તૈયાર કરનાર કોચ ઠાકોર પરેશભાઈ અને પરમાર હરેશભાઈએ ખૂબ મહેનત કરી છે જે બદલ ખેલાડીઓ અને ટીમ તૈયાર કરનાર કોચ મિત્રોને બનાસકાંઠાવાસીઓ ખૂબ ખૂબ બિરદાવેલ છે.




# ડીસાના નવિન ઓવરબ્રિજની ઉપર અને નીચે સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવાની માંગ

ડીસા, તા. ૨૦
બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે આકાર પામેલ નવિન ઓવરબ્રિજ ઉપર નાખવામાં આવેલી સ્ટ્રીટ લાઈટ શોભાના ગાંઠીયા સમાન છે. જેથી લાઈટ ચાલુ કરાવવા તેમજ ઓવરબ્રિજ નીચેથી સોસાયટીઓમાં જવા માટે એકસેસ મુકવાની માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીને આવેદનપત્ર અપાયું છે. બનાસકાંઠા જીલ્લાના વેપારી મથક ડીસા શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર અવાર-નવાર ટ્રાફીક સમસ્યા તેમજ અકસ્માતની ઘટનાઓ બનતી હતી. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ કરોડ ઉપરાંતના ખર્ચે એલીવેટેડ ઓવરબ્રિજ (પિલ્લરવાળો પુલ) બનાવી બે મહિના અગાઉ તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવિન ઓવરબ્રિજ ઉપર અને નીચે મસમોટી લાઈટો નાખવામાં આવી છે પરંતુ બે મહિના ઉપરાંતનો સમય વિત્યો છતાં લાઈટો શરૂ ન થતાં સ્ટ્રીટ લાઈટ શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. આથી ફલાય ઓવરબ્રિજ ઉપર તેમજ નીચે લાઈટો ચાલુ કરવા અને ઓવરબ્રિજ નીચેથી હાઈવેની બન્ને સાઈડની સોસાયટીઓમાં અવરજવર માટે એક્સેસ મુકવા આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી, બનાસકાંઠા જીલ્લા પ્રમુખ ડૉ. રમેશભાઈ ચૌધરી અને કમલેશભાઈ ઠક્કર દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીની કચેરી પાલનપુર ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# બાયડ પાલિકા વિસ્તારમાં સી.સી.રોડનું ખાતમુહુર્ત



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦
બાયડ નગરપાલિકા વોર્ડ નં.૫ના વિવિધ વિસ્તારોમાં નવા સી.સી.રોડ મંજુર થતાં તેનું ખાતમુહુર્ત બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલની ઉપસ્થિતિમાં પૂર્વ સંગઠન મહામંત્રી રમણભાઈ પટેલ, શહેર સંગઠન મંત્રી હેમંતભાઈ પટેલ, યુવા મોરચા મહામંત્રી જલદીપભાઈ પટેલ અને મનુભાઈ વસાવા વગેરેની હાજરીમાં શનિવારે યોજાયું જેમાં બ્રહ્મ સમાજના અગ્રણી ઉત્કલભાઈ ઠાકોર, મહેશભાઈ શાહ સહિત યુવા અગ્રણી ઉપસ્થીત રહ્યા હતા.